જ. નં./યોજના/૨૦૨૧/૪૩૯

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,

બહુમાળી ભવન, ભાવનગર

તા.૧૯-૦૭-૨૦૨૧

પ્રતિ

એસ.વી.એસ. કન્વીનર શ્રીઓ તમામ તેમજ આચાર્ય શ્રી,

ભાવનગર જીલ્લાની સરકારી તથા ખાનગી માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શાળાઓ તમામ.

**વિષય : રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ 2021 (NCSC) માં શાળા દીઠ ૩ (ત્રણ) પ્રોજેક્ટની ફરજીયાત નોંધણી કરવા બાબતે.**

સંદર્ભ: 1. નાયબ શિક્ષણ નિયામક કચેરીના પત્ર ક્રમાંક ધ/માધ્ય/પરસ/૨૦૨૧/૭૫૯૧ તા.૧૦-૦૫-૨૦૨૧

2. Scientific officer, GUJCOST નો ઈ-મેલ તા.૨૮-૦૬-૨૦૨૧

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા બાળકોમાં રહેલ સંશોધનકાર્ય ને બહાર લાવવાના હેતુથી NCSTC નેટવર્ક દ્વારા 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન કરવામાં આવે છે. **રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું ભાવનગર માટે જીલ્લા કક્ષાનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે.** તથા રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માટે **મુખ્ય વિષય 'નિરંતર જીવન નિર્વાહ માટે વિજ્ઞાન'** અને ૧. નિરંતર જીવન નિર્વાહ માટે ઇકો સિસ્ટમ ૨. નિરંતર જીવન નિર્વાહ માટે યોગ્ય તકનીક ૩. નિરંતર જીવન નિર્વાહ માટે સામાજિક નવીનતા ૪. નિરંતર જીવન નિર્વાહ માટે ડિઝાઇન, વિકાસ અને મોડેલિંગ ૫. નિરંતર જીવન નિર્વાહ માટે પરંપરાગત જ્ઞાન પ્રણાલી પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે.

**ઉપરોક્ત વિષય સંદર્ભે ભાવનગર જીલ્લાની સરકારી તથા ખાનગી પ્રાથમિક શાળાઓ તમામે તા.૩૦-૦૭-૨૦૨૧ સુધીમાં પોતની શાળાના ઓછામાં ઓછા ૬ વિદ્યાર્થીઓ (એક ગ્રુપમાં બે વિદ્યાર્થીઓ) અને ત્રણ શિક્ષકો (ગ્રુપ દીઠ એક શિક્ષક)ના નામની નોંધણી ફરજીયાત કરવાની રહેશે. નોંધણી માટે : www.krcscbhavnagar.org**

પ્રોજેક્ટ કાર્ય કેમ કરવું? તે અંગે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ૦૫-૦૮-૨૦૨૧ ઓનલાઈન તાલીમનું આયોજન કરવામાં આવશે. જેમાં નોંધણી થયેલ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ફરજીયાત હાજર રહી માર્ગદર્શન મેળવવાનું રહેશે. આપના દ્વારા એડ કરવામાં આવેલ તમામ વિગતો જરૂર જણાયે આપ બદલાવ/એડિટ કરી શકશો.

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા જરૂરી તમામ સહકાર લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરને આપવાનો રહેશે. જેનું સતત મોનીટરીંગ એસ.વી.એસ. કન્વીનર શ્રીઓએ કરવાનું રહેશે.

વધુ માહિતી માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના જીલ્લા સંયોજક શ્રી હર્ષદભાઈ જોષી (9979707221) નો સંપર્ક કરી શકશો.

જીલ્લા શિક્ષણાધિકારી શ્રી,

ભાવનગર

અમલીકરણ અને સંકલન હેતુ નકલ રવાના

એસ.વી.એસ. કન્વીનર શ્રીઓ તમામ, ભાવનગર શહેર અને જીલ્લો.

ચેરમેન શ્રી, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.